

ગીર જંગલમાં આવેલા આવા ખુલ્લા કૂવા સિંહો, દિપડા માટે 'મોતના કૂવા' બન્યા છે.

## ગીરના ૨૪ સિંહ સહિત સોએક વન્યપ્રાણી મોતને ભેટ્યા બાદ

# સિંહો માટે જીવલેણ કૂલ ૮૭૭૮ કૂવાની ફેન્સીંગ કરવા અભિયાન

રાજકોટ,બુધવાર

વિશ્વભરના લોકો માટેના આકર્ષણરૂપ અને સૌરાષ્ટ્રના ગીર જંગલમાં જ જોવા મળતા એશિયન સિંહનો ગીર જંગલ વિસ્તારમાં આવેલા ૮૭૭૮ ખુલ્લા કૂવાઓ ફરતી ફેન્સીંગ વોલ કરાવવામાં દાખવાયેલી સરકારી લાપરવાહીને લીધે આવા કૂવામાં પાંચ વર્ષમાં ઓનરેકર્ડ ૪૭ સિંહ ખાબક્યા હતા અને ૨૪ સિંહોના મોત નીપજ્યા બાદ હવે આ અંગે જંગલખાતાના સહયોગથી વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા ફેન્સીંગનું કામ હાથ પર લેવાયું છે. સિંહથી વધારે આવા ખુલ્લા કૂવામાં દિપડાં, નીલગાય સહિતના અન્ય વન્ય પ્રાણીઓ કમકમાટીભર્યા મોતને ભેટે છે તેમ જણાવાયું છે.

## જંગલખાતાએ આટલા વર્ષોમાં પોતાના વિસ્તારમાં માત્ર ૭૦૦ કૂવા રક્ષિત કર્યાઃ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ બંધાનાર કૂવાનું ગ્લોબલ પોઝીશનીંગ આપશે

આ અંગે આજે પત્રકારોને માહિતી આપતા જંગલખાતાના તેમજ ટ્રસ્ટના હોદ્દેદારોએ જણાવ્યું કે જંગલખાતાએ માત્ર સેન્ચુરીમાં આવેલ ૭૦૦ કૂવા ફરતે આટલા દાયકાઓમાં ફેન્સીંગ કરી છે. પણ જેમાં માત્ર સિંહો જ નહીં તેથી વધુ સંખ્યામાં દીપડા, નીલગાય સહિતના અન્ય પ્રાણીઓ ખાબકીને મોતને ભેટે છે તેવા તલાલા, ઉના, ધારી વગેરે તાલુકા વિસ્તારમાં આવેલા ઉપરોક્ત કૂવાઓ અંગે ફંડ ફાળવાયું નહીં હોવાથી કોઈ કામ થયું નથી કે ખેડૂતોએ પોતાની રીતે આ કૂવાના કાંઠા બાંધ્યા નથી.

હવે ઉપરોક્ત ટ્રસ્ટે આ કામગીરી જંગલખાતાના સહયોગથી હાથ ધરી છે જેમાં પ્રત્યેક કૂવા દીઠ રૂા.૧૦ હજારના અંદાજિત ખર્ચ સામે સરકારની ૪૦૦૦ સબસિડી અપાશે અને બાકીનો ખર્ચ દાતા ભોગવશે. અત્યાર સુધીમાં ૧૦૧ કૂવા માટે એમ.ઓ.યુ.કરાયા છે જેનું સાઠ ટકાખર્ચ ટ્રસ્ટ ભોગવશે,ત્યારબાદ બીજા ૯૦૦ કૂવા બાંધવાનું કામ હાથ ધરાશે.ગત તા.૨૨થી આ ચાલુ થઈ ગયું છે. આ પ્રત્યેક કૂવા કઈ જગ્યાએ આવ્યા તેનું ઈન્ટરનેટ મારફત ગ્લોબલ પોઝીશનીંગ પણ અપાશે તેમ ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું છે.

આશ્ચર્યજનક વાત એ છે કે જાપાનની ઈકો ડેવલપમેન્ટ યોજના હેઠળ ફંડ આવ્યા છતાં સરકારે આ દિશામાં નહીવત્ કામગીરી જ કરીછે. પંદર ટકા લોકફાળાની યોજનાનો પણ અસરકારક અમલ થયો નથી. મોટી કંપનીઓએ કૂવા બાંધવા માટે માત્ર સરકાર સાથે વાતો કરી છે પણ તે હજુ કાગળ પર જ છે.

ગીર જંગલમાં છેલ્લી ગણત્રી પ્રમાણે ૩૫૯ સિંહો છે, સિંહની વસ્તી વધારવા સરકાર જે ખર્ચ કરે છે તેની સામે સિંહની સુરક્ષા માટે થતો ખર્ચ નહીવત્ છે.